Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

January 18, 2025

Pg.2

### ટેક્નોલોજી કોમર્શિયલાઇઝેશન અને ઇન્ડસ્ટ્રી કનેક્ટ થીમ પર તજજ્ઞોએ વાત કરી

# EDII ખાતે પિચ ડેક, ડેમો ડે અને સ્ટ્રેસ ઇન્ટરવ્યૂ જેવી કોમ્પિટિશન સાથે 'સ્ટાર્ટઅપ ડે' ઊજવાયો

**અમદાવાદઃ** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) ખાતે 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'નું સેલિબ્રેશન કરવામાં આવ્યું. આ વર્ષની થીમ 'ટેકનોલોજી કોમર્શિયલાઈઝેશન અને ઈન્ડસ્ટ્રી કનેક્ટ' હતી. ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાત સરકારના એડિશનલ ઈન્ડસ્ટ્રીઝ કમિશનર ડૉ. પ્રશાંત જિલોવા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત ઈન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાઝ્મા રિસર્ચ (IPR)ના પ્રોજેક્ટ્સ અને ટેક્નોલોજી ટ્રાન્સફર સેક્શનના વડા ડૉ. નીરવ જમનાપરા અને ICAR-CMFRIના મેરીકલ્ચરના ચીફ ટેકનિકલ ઓફિસર ડૉ. સુરેશ કુમાર મોજ્જાદા ઉપસ્થિત .



ગુજરાત સરકારના જોઈન્ટ કમિશનર ઑફ ઈન્ડસ્ટ્રી આર.ડી. બરહતે કહ્યું કે, 'ઉત્પાદન ક્ષમતાને મહત્તમ કરવા અને વ્યાપક બજારો સુધી પહોંચવા માટે ટેક્નોલોજીનો સમયસર સ્વીકાર અને વ્યાપારીકરણ ચાવીરૂપ છે. ગુજરાત તેની સરળ આંત્રપ્રિન્યોરિયલ શક્તિઓ અને સક્રિય નીતિઓ સાથે, સ્ટાર્ટઅપ્સને પોષવામાં અને નવીનતાને પ્રોત્સાહન આપવામાં મોખરે છે.' EDIIના ડીજી ડૉ. સુનિલ શુક્લાએ આંત્રપ્રિન્યોરશીપમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવાના મહત્વ પર ભાર મૂક્યો અને જણાવ્યું કે,'જૂની ટેક્નોલોજીઓ અપ્રચલિત થાય તે પહેલાં, નવી ટેકનોલોજી અપનાવવી, વ્યવસાયો માટે ગેમ ચેન્જર બની શકે છે. ટેક્નોલોજીઓ સંસ્થાની સ્પર્ધાત્મક ધારને પણ વધારે છે.' ડૉ. નીરવ જમનાપરાએ ટેક્નોલોજીકલ ઈનોવેશનને ઓળખવા અને તેનો ઉપયોગ કરવાના મહત્વ પર ભાર મૂક્યો અને કહ્યું કે, 'આંત્રપ્રિન્યોરલ સફળતા માટે ટેક્નોલોજીની શક્યતા, વિકાસ અને ઉપયોગની ખાતરી કરવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.' આ ઈવેન્ટમાં સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન આપવા માટેના સેશનો, પિચ ડેક, ડેમો ડે અને સ્ટ્રેસ ઈન્ટરવ્યુ જેવી કોમ્પિટિશનનો પણ સમાવેશ થતો હતો. એડ-મેડ શો અને ટ્રેઝર હન્ટ જેવી ફન એક્ટિવિટીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઈવેન્ટમાં 100થી વધુ સ્ટુડન્ટ્સ, સ્ટાર્ટઅપ્સ અને આંત્રપ્રિન્યોર્સે ભાગ લીધો હતો. તેમાંથી 20 પાર્ટિસિપન્ટ્સને ઈન્વેસ્ટર પેનલ સમક્ષ તેમના બિઝનેસ આઈડિયા રજૂ કરવાની તક મળી હતી.